# પાટણ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ મળેલ અરજીઓ

મૂળ પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામઃ– **શ્રી લવીંગજી મુળજી સોલંકી**

તેમનો મત વિસ્તારઃ– **(રાધનપુર)**

**અગ્રતા ક્રમ – ૧૩**

**પ્રશ્નઃ–૧** તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં પાટણ જિલ્લામાં તાલુકાવાર **કેટલી અરજી મળી, કેટલી અરજી મંજુર કરી, કેટલી અરજી નામંજુર કરી અને કેટલી સહાયની રકમ ચુકવામાં આવી ? (લવીંગજી સોલંકી – રાધનપુર)**

**પ્રશ્નઃ– ૨ કન્યાના લગ્ન સમુહલગ્નમાં થયા હોય તો** કુંવરબાઈનું મામેરૂ યોજનાનો લાભ મળે છે કે કેમ? અને ઉક્ત **બન્ને યોજનાઓમા કેટલી સહાય** મળવા પાત્ર છે? **(સુખાજી ઠાકોર – બેચરાજી)**

**પ્રશ્નઃ– ૩** કુંવરબાઈનું મામેરૂ યોજનામાં **કોને સહાય મળવાપાત્ર** છે ? તથા અરજી સાથે કયા – કયા **ડોક્યુમેન્ટ** જોડવા જરૂરી છે ? **(વી. ડી. ઝાલા – હિંમતનગર)**

**પ્રશ્નઃ– ૪** કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ **સહાય આપવાનો હેતુ** શું છે ? તેમજ આ યોજના **ક્યારથી શરૂ કરવામાં** આવી ? આ યોજના હેઠળ કેટલી સહાય ચૂકવવામાં આવે છે?

**પ્રશ્નઃ– ૫** રાજ્યમાં **છેલ્લા પાંચ વર્ષમાં** કેટલાં લાભાર્થીઓને કેટલી સહાય ચુકવવામાં આવી ?

**પ્રશ્નઃ– ૬** કુંવરબાઈનું મામેરૂ યોજનામાં લાભ લેવા માટે શું **આવક મર્યાદા** નિર્ધારિત કરેલ છે ?

# 13

## પાટણ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ મળેલ અરજીઓ

***15/4/484: શ્રી લવીંગજી મુળજીજી સોલંકી (રાધનપુર): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં પાટણ જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) | ૧૫૭૩ |
| (૨) | તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) | ૧૫૭૧ |
| (૩) | ઉકત મંજુર અરજીઓ પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) | રૂ.૧૮૮.૫૨ લાખ |

**પ્રશ્નઃ–૧** તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં પાટણ જિલ્લામાં તાલુકાવાર **કેટલી અરજી મળી, કેટલી અરજી મંજુર કરી, કેટલી અરજી નામંજુર કરી અને કેટલી સહાયની રકમ ચુકવામાં આવી ?**

જવાબ: **માન. અધ્યક્ષશ્રી,**

તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ ચાલુ નાણાકીય વર્ષમાં

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ** | **તે પૈકી મંજુર કરેલ અરજી** | **મંજુર પૈકી ચુકવેલ સહાયરકમ (રૂ.લાખમાં)** | **નામંજુર કરેલ અરજી** |
|---|---|---|---|---|---|
| ૧ | પાટણ | ૪૧૫ | ૪૧૫ | ૪૯.૮૦ | ૦ |
| ૨ | ચાણસ્મા | ૧૬૮ | ૧૬૮ | ૨૦.૧૬ | ૦ |
| ૩ | હારીજ | ૮૩ | ૮૩ | ૯.૯૬ | ૦ |
| ૪ | સરસ્વતી | ૧૩૪ | ૧૩૩ | ૧૫.૯૬ | ૧ |
| ૫ | સમી | ૮૭ | ૮૭ | ૧૦.૪૪ | ૦ |
| ૬ | શંખેશ્વર | ૭૮ | ૭૮ | ૯.૩૬ | ૦ |
| ૭ | રાધનપુર | ૧૧૭ | ૧૧૭ | ૧૪.૦૪ | ૦ |
| ૮ | સિદ્ધપુર | ૪૫૯ | ૪૫૮ | ૫૪.૯૬ | ૧ |
| ૯ | સાંતલપુર | ૩૨ | ૩૨ | ૩.૮૪ | ૦ |
| **કુલ** | | **૧૫૭૩** | **૧૫૭૧** | **૧૮૮.૫૨** | **૨** |

(અરજી સમય મર્યાદા બહાર અરજી મળેલ હોવાથી તેમજ અરજદાર અન્ય રાજ્યના હોવાથી અરજી નામંજૂર કરવામાં આવેલ છે.)

**મુખ્ય પેજ પર જવા માટે**

**પ્રશ્નઃ- ૨ કન્યાના લગ્ન સમુહલગ્નમાં થયા હોય તો** કુંવરબાઈનું મામેરૂ યોજનાનો લાભ મળે છે કે કેમ? અને ઉક્ત **બન્ને યોજનાઓમા કેટલી સહાય** મળવા પાત્ર છે?

જવાબ: **માન. અધ્યક્ષશ્રી,**

- હા,
- કન્યાના લગ્ન સમુહલગ્નમાં થયા હોય તો કુંવરબાઈનું મામેરૂ યોજના તથા સાત ફેરા સમુહ લગ્ન યોજના આમ બન્ને યોજનાનો લાભ મળવાપાત્ર છે.
- કુંવરબાઈનું મામેરૂ યોજનામાં રૂ.૧૨,૦૦૦/- અને સાત ફેરા સમુહ લગ્ન યોજનામાં રૂ.૧૨,૦૦૦/- મળી એમ કુલ રૂ.૨૪,૦૦૦/-ની સહાય મળવાપાત્ર છે.
- સાત ફેરા સમુહ લગ્ન યોજનામા દસ નવ યુગલોથી વધુ યુગલ જોડાય તો આયોજન કરનાર સંસ્થાને એક યુગલ દીઠ રૂ.૩૦૦૦/- એમ (૨૫ યુગલ માટે રૂ.૭૫,૦૦૦/-ની મર્યાદામાં) સહાય આપવામા આવે છે.

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્નઃ– ૩** કુંવરબાઈનું મામેરૂ યોજનામાં **કોને સહાય મળવાપાત્ર** છે ? તથા અરજી સાથે કયા – કયા **ડોક્યુમેન્ટ** જોડવા જરૂરી છે ?

જવાબ: **માન. અધ્યક્ષશ્રી,**

કુંવરબાઈનું મામેરૂ યોજનાનો લાભ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક પછાત વર્ગની પુખ્તવયની કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય આપવામાં આવે છે.

- કન્યાનું આધાર કાર્ડ
- કન્યાના પિતા / વાલીનો સક્ષમ અધિકારીશ્રીનો આવકનો દાખલો
- લગ્ન રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર
- કન્યાની બેંક પાસબુક / રદ્દ કરેલ ચેકની નકલ

**મુખ્ય પેજ પર જવા માટે**

**પ્રશ્નઃ– ૪** કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ **સહાય આપવાનો હેતુ** શું છે ? તેમજ આ યોજના **ક્યારથી શરૂ કરવામાં** આવી ? આ યોજના હેઠળ કેટલી સહાય ચૂકવવામાં આવે છે?

જવાબ: **માન. અદ્યક્ષશ્રી,**

- વિકસતી જાતિના વ્યક્તિઓને દિકરીના લગ્ન પ્રસંગે આર્થિક રીતે મદદરૂપ થવાના હેતુસર કુંવરબાઈનું મામેરૂ યોજના અમલમાં છે.
- આ યોજના વર્ષ ૧૯૯૫થી કુંવરબાઈના મામેરાના નામે શરૂ કરવામાં આવી.
- તા.૧/૪/૨૦૨૧ કે ત્યારબાદ લગ્ન કરનાર કન્યાને આ યોજના હેઠળ રૂ.૧૨,૦૦૦/–ની સહાય ચૂકવવામાં આવે છે. આ અગાઉ સહાયનો દર રૂ.૧૦,૦૦૦/– હતો.

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્નઃ– ૫** રાજ્યમાં **છેલ્લા પાંચ વર્ષમાં** કેટલાં લાભાર્થીઓને કેટલી સહાય ચુકવવામાં આવી ?

જવાબ: **માન. અધ્યક્ષશ્રી,**

**રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં ૨,૦૭,૪૬૦ લાભાર્થીઓને રૂા.૨૩૧.૨૯ લાખની સહાય આપવામાં આવેલ છે.**

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્નઃ- ૬** કુંવરબાઈનું મામેરૂ યોજનામાં લાભ લેવા માટે શું **આવક મર્યાદા** નિર્ધારિત કરેલ છે ?

જવાબ: **માન. અધ્યક્ષશ્રી,**

**કુંવરબાઈનું મામેરૂ યોજનામાં લાભ લેવા માટે ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં રૂ.૬.૦૦ લાખની આવક મર્યાદા નિર્ધારિત કરેલ છે.**

મુખ્ય પેજ પર જવા માટે

## પાટણ  જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ મળેલ અરજીઓ
## સમય ગાળો તા.૧/૪/૨૦૨૩ થી ૩૧/૧૨/૨૦૨૩

| ક્રમ | તાલુકાનું નામ | ના મંજુર અરજીઓ | ના મંજુરના કારણો | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | આવક વધુ હોવાથી | સમય મર્યાદા બહાર અરજી મળેલ હોવાથી | અગાઉ આ યોજના હેઠળ લાભ મળેલ હોવાથી | લગ્ન રજીસ્ટ્રેશન થયેલ ન હોવાથી | અન્ય કારણો (જે કારણ હોય તે જણાવવું) | |
| ૧ | પાટણ | ૦ | | | | | | ૦ |
| ૨ | ચાણસ્મા | ૦ | | | | | | ૦ |
| ૩ | હારીજ | ૦ | | | | | | ૦ |
| ૪ | સરસ્વતી | ૧ | | ૧ | | | | ૧ |
| ૫ | સમી | ૦ | | | | | | ૦ |
| ૬ | શંખેશ્વર | ૦ | | | | | | ૦ |
| ૭ | રાધનપુર | ૦ | | | | | | ૦ |
| ૮ | સિદ્ધપુર | ૧ | | | | | ૧ -અરજદાર અન્ય રાજ્યના હોઇ | ૧ |
| ૯ | સાંતલપુર | ૦ | | | | | | ૦ |
| કુલ | | ૨ | | ૧ | | | ૧ | ૨ |

## પાટણ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમા થયેલ સિધ્ધિ અને ખર્ચની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | વર્ષ | સિધ્ધી | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૯–૨૦ | ૧૨૩૭ | ૧૨૩.૭૦ |
| ૨ | ૨૦૨૦–૨૧ | ૬૯૩ | ૬૯.૩૦ |
| ૩ | ૨૦૨૧–૨૨ | ૧૦૫૭ | ૧૧૪.૬૮ |
| ૪ | ૨૦૨૨–૨૩ | ૧૪૯૮ | ૧૭૫.૯૬ |
| ૫ | ૨૦૨૩–૨૪ (જાન્યુઆરી–૨૦૨૪ અંતિત) | ૧૫૭૧ | ૧૮૮.૧૨ |
| કુલ | | ૬૦૫૬ | ૬૭૧.૭૬ |
| છ હજાર છપ્પન લાભાર્થીઓ અને છ કરોડ ઇકોતેર લાખ છોત્તેર હજારની સહાય | | | |

**રાજયમાં કુંવરબાઈનું મામેરૂ યોજના**
**હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં થયેલ ખર્ચની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | વર્ષ | મુળ જોગવાઇ (રૂ.લાખમાં) | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) | લક્ષ્યાંક | સિધ્ધી |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૯-૨૦ | ૨૨૦૦.૦૦ | ૨૮૪૩.૮૩ | ૨૨૦૦૦ | ૨૮૪૩૮ |
| ૨ | ૨૦૨૦-૨૧ | ૨૫૦૦.૦૦ | ૨૬૬૦.૫૦ | ૨૫૦૦૦ | ૨૬૬૦૪ |
| ૩ | ૨૦૨૧-૨૨ | ૩૦૦૦.૦૦ | ૩૭૬૯.૧૫ | ૨૫૦૦૦ | ૩૫૦૬૫ |
| ૪ | ૨૦૨૨-૨૩ | ૩૨૦૦.૦૦ | ૬૯૬૭.૭૦ | ૨૬૬૬૬ | ૫૯૫૯૨ |
| ૫ | ૨૦૨૩-૨૪ (જાન્યુઆરી-૨૦૨૪ અંતિત) | ૩૯૦૦.૦૦ | ૬૮૮૭.૭૬ | ૩૨૫૦૦ | ૫૭૭૬૧ |
| **કુલ** | | **૧૪૮૦૦.૦૦** | **૨૩૧૨૮.૯૪** | **૧૩૧૧૬૬** | **૨૦૭૪૬૦** |

રાજ્યનો ચાલુ નાણાંકીય વર્ષનો વાર્ષિક લક્ષ્યાંક કેટલો છે? અને અત્યાર સુધી કેટલા લાભાર્થીઓને કેટલી સહાય આપેલ છે ?

રાજ્યનો ચાલુ નાણાંકીય વર્ષનો વાર્ષિક લક્ષ્યાંક ૩૨,૫૦૦ છે જેની સામે ૫૭,૭૬૧ લાભાર્થીઓને ૩.૬૮.૮૭ (અડસઠ કરોડ ઇઠ્યાસી લાખ)ની સહાય ચુકવવામાં આવેલ છે.